જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૫/૨૦૨૨ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૧૩/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૫/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૮ | ૦ | ૧૩૮ | ૪૧૬ | ૦ | ૪૧૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૧ | ૦ | ૧૦૦૬૯૧ | ૧૦૯૫૯૪ | ૦ | ૧૦૯૫૯૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯ | ૨,૭૬,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**પી.સી.બી.**

## સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા થી માંથી વિદેશી દારુની બોટલો નંગ- ૧૦૬ કિ.રૂ.૩૮,૧૨૦/- સાથે કુલ્લે રુપિયા ૬૮,૫૨૦/- ના મુદામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સારુ આપેલ સુચના અનુસંધાને પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી ટી.આર.ભટ્ટ નાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તા.૨૨.૦૫.૨૨ ના રોજ પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ, મ.સ.ઈ.વિષ્ણુભાઈ ગોપાલદાસ બ.ન.૩૭૪૪,અ.હે.કો.હિમ્મતસિંહ રણજીતસિહ બ.ન.૩૭૮૧, અ.હે.કો.તુષારદાન ભરતદાન બ.ન.૪૩૬૧, અ.હે.કો.નૌશાદઅલી ઉસ્માનમીયા બ.ન.૯૬૪૩, અ.હે.કો.ઈન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૬૮, અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦, અ.પો.કો.પ્રવિણસિહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ તથા અ.હે.કો.હિમ્મતસિંહ રણજીતસિંહ બ.ન.૩૭૮૧ નાઓને મળેલ બાતમી હકીકત આધારે નરોડા સુતરના કારખાના પાસે મધુસુદન કોમ્પ્લેક્ષની બાજુમાં ખુલ્લી જગ્યામાં થી ભારતીય બનાવટના વિદેશી દારુની નાની મોટી બોટલો નંગ ૧૦૬ કિ.રૂ.૩૮,૧૨૦/- તથ અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૬૮,૫૨૦/- ના મુદામાલ સાથે એક પુરુષ તથા બે સ્ત્રી આરોપણબેન મળી કુલ્લે ત્રણ ઈસમોને પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુ.ર.ન.૧૧૧૯૧૦૪૦૨૨૧૩૪૮/૨૨ પ્રોહી કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૮૧,૧૧૬(૧)(બી) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :**

(૧) ધરમસિંહ ઉર્ફે કાળુ ગુલાબસિંહ મકવાણા ઉ.વ.૨૯ રહે.ચામુંડાની ચાલી, નરોડા રેલ્વે સ્ટેશનની બાજુમાં, નરોડા, અમદાવાદ શહેર

(૨) કવિતાબેન જયેશભાઈ બજરંગે (છારા) ઉ.વ.૪૦ રહે.બચનબેનના મકાનમાં સત્યનારાયણ ડેરી સામે બંગલા એરીયા સરદારનગર અમદાવાદ શહેર

(૩) લક્ષ્મીબેન કનૈયાલાલ લાલવાણી ઉ.વ.૩૦ રહે.બાવરીની ચાલી, આદર્શ સ્કુલની બાજુમાં,નહેરુનગર સરદારનગર અમદાવાદ શહેર

**નાસતો ફરતો આરોપી:**

(૧) બળદેવજી ઉર્ફે બલાજી ઉર્ફે બલીયો ઠાકોર રહે.હાઉસિંગના મકાનમા(વાલ્મીકી વાસ), કોતરપુર, સરદારનગર, અમદાવાદ

**ગુનાની જગ્યા :**

નરોડા સુતરના કારખાના પાસે મધુસુદન કોમ્પ્લેક્ષની બાજુમાં ખુલ્લી જગ્યામાં લીલા કંતાનની આડાશ કરી જાહેરમા

**પકડાયેલ મુદામાલ :**

**(૧) જુદા જુદા બ્રાન્ડની વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ- નંગ ૧૦૬ કિ.રૂ.૩૮,૧૨૦/-(૨) મો.ફોન.નંગ- ૧ કિ.રૂ.૫૦૦૦/- (૩) રોકડ રૂ.૨૫,૪૦૦/- મળી કુલ્લે રૂ.૬૮,૫૨૦/- નો મુદામાલ**

## પાસા અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન

## શરીર સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવુત્તિ સાથે સંકળાયેલ ઇસમને રાજકોટ જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધરે અમદાવાદ શહેર વિસ્તારમાં શરીર સબંધિત પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવુત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી આર.એમ.ઝાલા નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટેમાં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા યાકુબ કમાલભાઇ જાતે શેખ ઉ.વ.૩૪ રહે, એ/૮ ગોસપાર્ક નુરનગર સાઇબાબા સોસાયટી પાસે વટવા અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધમાં ગુનાઓ દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની શરીર સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂધ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૪૭૨/૨૦૨૨ તા.૨૨/૦૫/૨૦૨૨ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદરી પાસા અટાકાયતીને તાત્કાલિક પકડી પાડી પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે. તા.૨૨/૦૫/૨૦૨૨

### પાસા અટકાયતીનું નામ સરનામુ

યાકુબ કમાલભાઇ જાતે શેખ ઉ.વ.૩૪ રહે,એ/૮ ગોસપાર્ક નુરનગર સાઇબાબા સોસાયટી પાસે વટવા અમદાવાદ શહેર

### પાસા અટકાયતી વિરૂધ્ધમાં દાખલ થયેલ ગુનાઓ

નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ.એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૨૦૪૨૯/૨૦૨૨ ધી ઈ.પી.કો કલમ ૩૨૫,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ


નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ.એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૨૦૪૭૪/૨૦૨૨ ધી ઈ.પી.કો કલમ ૩૦૬,૨૯૪(બી),૫૦૬(૧),૧૧૪ મુજબ

સદરી પાસા અટકાયતીને મદદનીશ પો.કમિશ્રરશ્રી "જી" ડિવીઝનની કચેરી અમદાવાદ શહેર નાઓના ક્માંક:જી/ડીવીઝન/હદપ/૭૧૯/૨૦૨૨ તા.૨૦/૦૩/૨૨ થી અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર, ખેડા, તથા મહેસાણા જીલ્લાઓ માંથી તડીપાર કરવામાં આવેલ છે. સદરી પાસા અટકાયતીની અગાઉ બે વખત અત્રેથી પાસા કરવામાં આવેલ છે.

## <u>કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ</u>

આર.એમ.ઝાલા પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં.૬૨૮૪ તથા અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૧૪/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૮૬૪ લીટર દેશી દારૂ, ૭૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૪ બિયર ટીન, ૧ સ્કુટર, ૧ કાર અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૪૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૧,૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૧૫/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૧૬/૨૦૨૨

**વેજલપુરઃ** કુંદનભાઈ સ/ઓ લીલાધરભાઈ જોષી (ઉ.વ.૪૭) (રહે. દેસાઈપાર્ક સોસાયટી કેમ્બે હોટલ પાસે જીવરાજપાર્ક વેજલપુર) એ તા.૨૨/૦૫/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૧૫/૦૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અનિકેત મહેન્દ્રભાઈ બોડાણા (રહે. ગીરીરાજ સોસાયટી વિભાગ-૧ નિર્ણયનગર ઘાટલોડીયા) કુંદનભાઈ જોષી પાસેથી એ.સી. નંગ-૩૩ કિમત રૂપિયા ૧૩,૪૨,૮૦૦/- ઉધારમાં ખરીદી કરી તેમજ અગાઉના માલના બાકી નિકળતા રૂપિયા ૪,૧૯,૦૩૬/- મળી કુલ રૂપિયા ૧૭,૬૧,૮૩૬/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી અમીતસિંહ બકાજી ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૯૧૭/૨૦૨૨

**વાડજઃ** જયવીર ચમનભાઇ પટેલ (રહે. સુવાસ એપાર્ટમેન્ટ ગુલાબ ટાવર સોલા રોડ થલતેજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૫/૨૦૨૨ કલાક ૧/૩૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નવા વાડજ એ.એમ.ટી.એસ.બસ ડેપોની ખુલ્લી ઓફીસમાંથી તેમજ કન્ડક્ટરોના ખુલ્લા રૂમમાંથી મોબાઇલ ફોન નંગ-૪ કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, એ.એમ.ટી.એસ. ટીકીટ બોક્ષ નંગ-૨ અને ટીકીટ મશીન નંગ-૧ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૧૮/૨૦૨૨</u>**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૧)** મનુભાઈ દલસુખભાઈ પટેલ (ઉ.વ.૫૯) (રહે. અનુરાગ બંગલોઝ સિમ્સ હોસ્પીટલ રોડ સોલા) એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મનુભાઈ અને તેમના પત્ની વિણાબહેન (ઉ.વ.૫૬) તા.૨૨/૦૫/૨૦૨૨ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે નહેરૂબ્રીજથી ટાઉનહોલ તરફ ભારત પેટ્રોલપંપ સામેથી સ્કુટર ઉપર પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા એસ.ટી.બસ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતા મનુભાઈ અને વિણાબહેન નીચે પડી જતા વિણાબહેનને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી એન.એસ.કટકડી ચલાવે છે.

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૨)** જ્ઞાનેશ્વર માણીકરાવ ચીરકે (રહે.રીષીત રેસીડન્સી પુજા ફાર્મ પાસે નારોલ ) એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૫/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે જ્ઞાનેશ્વર ચીરકે તેમના પત્ની તથા બે પુત્ર પૈકી એક અઢી વર્ષનો ધીરજ અને દસ માસના પુત્ર સાથે લઈ રિવરફ્રંટ રોડ રિવરફ્રંટ હાઉસ પાર્કીંગ ખાતે ફરવા ગયા હતા જયાં પુત્ર ધીરજ રમતો હતો ત્યારે અજાણ્યા કાર ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા ધીરજને અકસ્માત થતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને એસ.વી.પી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી એન.એસ.કટકડી ચલાવે છે.

**<u>ચોથા માળથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૧૯/૨૦૨૨</u>**

**ચાંદખેડાઃ** ચાંદખેડા જગતપુર સેવન બ્લીસ નામની નવી બનતી સાઇટ ખાતે રહેતા અને ત્યા જ કડીયા કામ કરતા વિક્રમભાઇ બાબુભાઇ ડામોર (ઉ.વ.૨૮) (મુળ વતન. ગામ-મેત્રાલ તા. મોરવાહડપ જી.પંચમહાલ) તા.૨૧/૦૫/૨૦૨૨ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે સાઈટના ચોથા માળની બારીમાંથી પડી જતાં ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૨૦/૨૦૨૨</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** હર્ષ સ/ઓ ભરતભાઈ પંચાલ (ઉ.વ.૧૯) (રહે. મીનલપાર્ક અંબિકાનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૫/૨૦૨૨ કલાક ૧૨/૩૦ વાગ્યા પહેલા વલ્લભસદન બોટીંગ પોઈન્ટ પાસે રીવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૩૧ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.